# જાહેરાત ક્રમાંક નં. ૨૦૨૩–૨૪

## ૧૧ માસનાં કરાર પધ્ધતિથી ભરતી કરવા બાબત.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ભાવનગર જિલ્લા પંચાયત હેઠળ જિલ્લા તથા તાલુકા અને પીએચસી અને યુએચસી ખાતે નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસનાં કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષા યાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૪ /૧૧/૨૦૨૩ થી તા.૩૦ /૧૧/૨૦૨૩ (દીન–૭) સુધીમાં આરોગ્ય સાથી સોફટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોકત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ / કુલ જગ્યા / વય મર્યાદા | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (પ્રા.આ.કે કક્ષાએ) (કુલ જગ્યા–૫)<br>વય મર્યાદા – ૫૮ વર્ષ | માન્ય યુનીવર્સિટીનાં કોમર્સ સ્નાતક તેમજ કોમ્પ્યુટર એપ્લીકેશન ડીપ્લોમા / સર્ટીફીકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન. એકસપર્ટાઈઝ ઈન કોમ્પ્યુટર, સોફટવેર મેનેજમેન્ટ (એમ.એસ. ઓફીસ / Tally / એકાઉન્ટીંગ / GIS / RCH Software / ફાઈલીંગ સીસ્ટમ ), હાર્ડવેરની જાણકારી, ગુજરાતી અને અંગ્રજી ભાષામાં ઝડપી ટાઈપીંગ. સરકારી કે NGO સંસ્થાનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી અતિ આવશ્યક છે | ૧૩,૦૦૦/– |
| ૨ | ન્યુટ્રીશન આસીસ્ટન્ટ (એનઆરસી) બાળરોગ વિભાગ સર.ટી હોસ્પિટલ–ભાવનગર કુલ જગ્યા–૦૧ વયમર્યાદા– ૫૮ વર્ષ | એમ.એસ.સી ફુડ એન્ડ ન્યુટ્રીશન/બી.એસ.સી ફુડ એન્ડ ન્યુટ્રીશન/એમ.એ ઈન હોમ સાયન્સ(ન્યુટ્રીશન)/બી.એ ઈન હોમ સાયન્સ(ન્યુટ્રીશન) વિગેરે<br>એમ.એસ.સી/બી.એસ.સી ફુડ એન્ડ ન્યુટ્રીશનને પ્રાધાન્ય આપવામાં આવશે (ફકત મહિલા ઉમેદવારો માટે)<br>ન્યુટ્રીશન લગત પ્રોગ્રામ રાજય/જિલ્લા કક્ષા કે એનજીઓ ખાતે અનુભવીને પ્રાધાન્ય આપવામાં આવશે બેઝીક કોમ્પયુટર નોલેજ | ૧૩,૦૦૦/– |
| ૩ | મપહેવ(જિયુએચપી/એનએચએમ) કુલ જગ્યા–૦૩ (ગારીયાધાર, તળાજા, પાલીતાણા) વય મર્યાદા–૫૮ વર્ષ | ધોરણ–૧૨ પાસ તથા એક વર્ષનો મ.પ.હે.વ તાલીમ કોર્ષ પાસ અથવા માન્ય સંસ્થા ખાતેથી સેનેટરી ઈન્સ્પેકટર પાસ. બેઝીક કોમ્પયુટર પાસનું સર્ટીફીકેટ | ૮,૦૦૦/– |
| ૪ | સ્ટાફનર્સ/બ્રધર કુલ જગ્યા–૦૮ વયમર્યાદા–૪૫ વર્ષ | ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ માન્ય સંસ્થા ખાતેથી B.SC નર્સીંગ પાસ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન ફરજીયાત<br>અથવા<br>ઈન્ડીયન નર્સીંગ કાઉન્સીલ માન્ય સંસ્થા ખાતેથી ડીપ્લોમા ઈન જનરલ નર્સીંગ અને મીડવાઈફરી પાસ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન ફરજીયાત<br>બૈઝીક કોમ્પયુટર નોલેજ | ૧૩,૦૦૦/– |
| ૫ | ફાર્માસીસ્ટ(એનયુએચએમ)(મહુવા) કુલ જગ્યા–૦૧ વયમર્યાદા–૫૮ વર્ષ | માન્ય સંસ્થા ખાતેથી B.Pharm/D.Pharm અથવા સમકક્ષ લાયકાત ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં ફરજીયાત રજીસ્ટ્રેશન હોવુ જોઈએ, અનુભવીને પ્રાધાન્ય આપવામાં આવશે. બૈઝીક કોમ્પયુટર નોલેજ ફરજીયાત | ૧૩,૦૦૦/– |

## <u>ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :-</u>

- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી નામંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- તમામ કેડરની પસંદગી માટે ડીગ્રી / ડીપ્લોમા / ગ્રેજયુએશનનાં ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ તૈયાર કરી તેમજ ફાઈનલ વર્ષમાં એક થી વધુ ટ્રાયલ હોય તો પ્રતિ ટ્રાયલ ૩ % બાદ કરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. ToR માં દર્શાવ્યા અનુસાર લાયકાત ધરાવતા હોય તેમને જ મેરીટમાં કન્સીડર કરવામાં આવશે. <u>તેમજ અત્રેની કચેરી દવારા એન.એચ.એમ. હેઠળ છુટા કરેલ ઉમેદવારની અરજી માન્ય ગણવામાં આવશે નહી.</u>
- ઉમેદવારે એક કરતા વધુ પોસ્ટ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે.
- ઉકત જગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટનાં આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.
- ઉકત જગ્યામાં વધારો કે ઘટાડો કરવો કે ભરતી રદ કરવી તેનો આખરી નિર્ણય સભ્ય સચિવશ્રી ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીનો રહેશે.

સભ્ય સચિવ (ડી.એચ.એસ.) અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
ભાવનગર